C.C.NO.192854-2024

## <u>આંક–૧ લગત હુકમ</u>

(૧) આ કામે આરોપી વિરૂધ્ધ ધી ઈ.પી.કો.કલમ– ૨૭૯ તથા એમ. વી. એકટની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ ક.૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ ગુના કબુલાત પુરશીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ મધ્યમ વર્ગના માણસ છે અને તેઓને દરમુદતે કોર્ટ સમક્ષ હાજર રહે તો ખૂબ જ આર્થિક નુકશાન થાય તેમ છે તેમ જણાવે છે તથા ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો ફરીથી નહીં કરવાની ખાતરી આપે છે અને દયા કરવા જણાવેલ છે.એ.પી.પી.શ્રીએ કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

## <u>હુ ક મ</u>

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે આરોપીને ઈ.પી.કોડની કલમ– ૨૭૯ તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુના માટે કસુરવાર ઠરાવી એકત્રિતપણે તમામ ગુના માટે કુલ રૂા. ૧૬૦૦/–(અંકે રૂપિયા એક હજાર છસો પુરા) નો દંડ ભરવા હુકમ કરુ છું. દંડ ના ભરે તો ૨(બે) મહીનાની સાદી કેદની સજા ભોગવવી.

આ કામે મુદ્દામાલ વાહન બાબતે અગાઉ કરેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે અને અરજદારને શરતોમાંથી મુકત કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૧૨/૨૦૨૪
અમદાવાદ.

(કુ.રૂચિતા વિકાસ રાજે)
૨૫ માં એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી
કોડ નં.જી.જે.૦૧૦૪૮